UNITED INTERNATIONAL ✝ **AMERICAN CHRISTIAN NEWS**

GUJARATI CHRISTIAN SOCIETY ✝ **અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ**

NEW YORK & NEW JERSEY ✝ **FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN**

Phone # (732) 855-0596 email: jospausa@yahoo.com ✝ **EDITOR: JOSEPH PARMAR**

*(A NOT-FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)* ✝ **Issue-122, Year: 36, September-October-2015**



**તંત્રીની કલમે આ પત્ર...** સપ્ટેમ્બર મહિનાની વિદાય એટલે વિન્ટરનું આગમન. સામાન્યરીતે 'લેબર ડે' આવે એટલે આ દિવસના નામ મુજબ પરિવાર 'લેબર' કરવામાં લાગી જાય! કેમકે, "લેબર ડે'ના બીજા કે ત્રીજા દિવસથી પછી પરિવારમાં જે સંતાનો ભણતાં હોય તેમની સ્કૂલ-કોલેજ ચાલુ થઈ જાય. 'સમર વેકેશન'ની 'લાઈફ સ્ટાઈલ' બદલાય, સ્કૂલ ખૂલે એટલે માબાપ 'બીઝી' સ્કૂલનો સવારનો સમય સાચવવો, સ્કૂલ છૂટ્યા પછી ઘરમાં સંતાનોની સંભાળ લેનારની વ્યવસ્થા, વગેરે 'લેબર' જો સંતાન કોલેજમાં હોય તો તેમની 'ટ્યુશન ફી' ચૂકવવા માટેનું 'લેબર' વધે. અને આમ 'પરિવારમાં બધાંની 'લાઈફ સ્ટાઈલ' બદલાય. સ્કૂલ શરૂ થાય તે અરસામાં ૫મી સપ્ટેમ્બરે ઈન્ડિયાનો તહેવાર 'શિક્ષક દિન' ઉજવાય. જીવનની કાયમી આદર્શ 'લાઈફ સ્ટાઈલ'ના ઘડતરની જવાબદારી સમાજે-એટલે કે માબાપે અને ખરેખર તો સર્કારે જેમના સોંપી છે, તેવા શિક્ષકોને સન્માનવાઓ દિવસ એવો "શિક્ષક દિન" યોગાયોગ સ્કૂલો શરૂ થયાના પહેલા વીકમાં જ આવે (અમેરિકામાં) તે 'એજ્યુકેશન'ને મહત્ત્વની વ્યવસ્થા માનતા યુએસએ માટે સુયોગ્ય કહેવાય.

ઋતુના બદલાવની બીજી પણ સામાન્ય અસર તે માંદગીનું આગમન. શરદી અને ગળાની તકલીફ એક સામાન્ય ઋતુ ફેરફારનું પરિણામ છે. એટલે યુએસમાં ઓક્ટોબર મહિનો એટલે 'ફ્લ્યૂ શૉટ' લઈ લેવાનો મહિનો. ખાસ તો 65 કે તેથી વધુ ઉંમરના સીનિયર સીટીઝનોએ તો વર્ષમાં એક વખત ઓક્ટોબર-નવેમ્બરમાં 'ફ્લ્યૂ શૉટ' લઈ લેવા ખાસ આગ્રહ રખાય છે. બાળકોને સ્કૂલમાં 'ફ્લ્યૂ શૉટ' આપવાની પધ્ધતિ છે. આમ સપ્ટેમ્બર અને ઓક્ટોબર જીવનના મહત્ત્વના તબક્કાનું કેળવણી અને આરોગ્ય-એમ બંને જીવન ઘડતરની અગત્યની અનેક બાબતો છે. આ તમામ અંગે જાગૃત એવા દેશ યુએસએમાં આવવા માટે અનેક દેશોના લોકો સ્વપ્નાં જોતા હોય છે!

ઑક્ટોબર મહિનામાં ભારતના બે મહાપુરૂષો સ્વ. મહાત્મા ગાંધીજીના જન્મ દિન બીજી ઓક્ટોબરે યાદ કરાય છે, તો બીજા સ્વ. સરદાર પટેલને ૩૧ ઓક્ટોબર, તેમના જન્મ દિને યાદ કરાય છે. ગાંધીજીએ ભારતની આઝાદીની લડત અહિંસક સ્વરૂપે નિભાવી અને સરદાર પટેલે ગાંધીજીની આગેવાની નીચે સંપૂર્ણ સહકાર આપ્યો. ગાંધીજીની આગેવાનીથી ભારતને આઝાદી મળી, તો સરદાર પટેલની આગેવાનીમાં એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ભારતની રચના થઈ શકી. બ્રિટિશ સામાજ્યના ૩૫૦ વર્ષની ગુલામીની સાંકળ ગાંધીજીની આગેવાનીમાં તૂટી, તો આઝાદ થયેલા 'હિન્દુસ્તાન'નાં ૬૫૦ નાનાં-મોટાં રજવાડાંઓને મીટાવી દઈ એક મહાન રાષ્ટ્ર તરીકે રચના કરવાની એક મહત્ત્વની કામગીરી સરદાર પટેલે પોતાની ચાણક્ય રાજનીતિથી બજાવી. બંને આજના સ્વતંત્ર ભારતની રચનાના ઘડવૈયા ગણાય!

હિન્દુસ્તાનની 'આઝાદી' અને ભારતની 'એકતા'-બંને ઉપર હાલ જોખમ વધી રહ્યું છે. વિદેશના 'આતંકવાદીઓ'ના વારંવારના પ્રયાસો સામે દેશ સામનો કરી રહ્યો છે. દેશનાં સીમાડાંનાં રાજ્યોમાં ભારતીય પ્રજામાં અનેક પ્રશ્નોના ઉપાયોના વિલંબ સામે 'આતંકવાદ' ઊભો થઈ રહ્યો છે. ભારતના વિકાસમાં એક થઈને સાથ આપવાથી તદ્દન વિરોધી દિશા તરફ ભારતીય નાગરિકો જઈ રહ્યાની તેઓને જાણ નથી! પોતાના સ્વાર્થ માટે ભારતની વંચિત પ્રજાને અપાતી 'અનામત'-આરક્ષણના કાયદા સામે સુખી ગણાતી પ્રજાને જાણે વાંધો હોય અને પોતાને પણ એવું 'આરક્ષણ' મળવું જ જોઈએ, તેવી માગણીઓ સાથે એક નવું 'અનામત' માંગતું જૂથ ઊભું થયું છે. લોકશાહીમાં પ્રજાને પોતાની માગણીઓ સરકાર સામે રજૂ કરવાનો અધિકાર છે. પણ માંગણીઓ વ્યાજબી હોવી જોઈએ!

ભારતના બંધારણની કલમ 330 અને 333 માં અનુસુચિત જાતિ, જનજાતિ તથા એંગ્લો ઈન્ડિયન્સ માટે **સંસદની બેઠકો અને ધારાસભાઓની રાજકીય અનામત બેઠકો રાખવાની જોગવાઈ છે.** જેની શરૂઆતમાં પ્રથમ 10 વર્ષની મુદત રાખવામાં આવી હતી.

અત્યારે 1990 સુધી લંબાવેલી આવી રાજકીય અનામત જગ્યાઓની મુદત ધારાસભા અને સંસદના પ્રતિનિધીઓ માટે છે. **તેની સાથે સરકારી નોકરીઓની ભરતી, બઢતી કે શિક્ષણની અનામત સાથે કંઈ લેવા દેવા નથી.**

**ભારતના બંધારણમાં નોકરીઓ અને શૈક્ષણિક અનામત રદ કરવાની કોઈ મુદત જ નથી.** બંધારણની કલમ ૧૪થી ૧૭ અને ૨૯થી ૪૬માં ક્યાંય 'અનામત' સંબંધી સમયની મર્યાદા નથી. પહેલેથી જ કોઈ મુદત નથી અને આજે પણ નથી.

**ભારતની સુપ્રિમ કોર્ટે અનામત અંગે તાજેતરમાં જ કાયદાકીય સ્પષ્ટતા કરી છે કે, આર્થિક આધાર પર અનામત મળી જ ન શકે.** અગાઉ પણ ભારતની સર્વોચ્ચ અદાલતે 'આર્થિક અનામત' અંગે નકાર દર્શાવ્યો છે.

ભારત દેશ વિદેશી અને ખુદ દેશના આતંકવાદનો સામનો કરી રહ્યો છે. આતંકવાદીઓના એકાદ નાના હુમલાથી ભારત દેશને જાનમાલનું ભારે નુકસાન થઈ રહ્યું છે. ગુજરાતમાં 'પાટીદાર અનામત'ની જોરદાર ચળવળમાં સમૃધ્ધિનું એવું પ્રદર્શન થઈ રહ્યું છે કે, 'અનામત'ની માંગણી કરનારા 'પાટીદારો-પટેલો આર્થિક રીતે ઘણા જ સમૃધ્ધ છે. ગુજરાતમાં એવાં ગામડાં છે કે, ગામના એકે એક પરિવારમાંથી કોઈ વિદેશમાં વર્ષોથી વસવાટ કરે છે. ઊંચી આવક મેળવનારા ડોક્ટરો, એટર્નીઓ, એન્જિનિયરો, અને શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચત્તમ ડીગ્રીધારીઓ 'પટેલ' અટક-'લાસ્ટ નેમ' ધરાવનારા હોય છે. ઘણાં વંશોની પરંપરાથી 'પટેલો' ઉચ્ચ શિક્ષણ મેળવતા રહ્યા છે. જેની સામે સદીઓથી જેઓ શિક્ષણ અને રોજીરોટીથી વંચિત રહ્યા છે અને વર્ણભેદના ભોગે ગરીબી ભોગવતા રહ્યા છે તેઓના ઉત્કર્ષ માટે આઝાદ ભારના બંધારણમાં શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે 'અનામત'ની જોગવાઈ છે.

હા, ૬૮ વર્ષથી મળતી 'અનામત' મેળવવાની યોગ્યતામાં ફેરફારની જરૂર છે. જેઓને 'અનામત'નો લાભ મળી રહ્યો છે, તેઓને કેટલી પેઢીઓ સુધી મળતો રહે? 'અનામત'નો ૬૮વર્ષથી લાભ મેળવી રહેલાં પરિવારોની હાલની આર્થિક હાલત હવે 'ગરીબી રેખા'માં આવે છે? 'અનામત' અંગે સર્વગ્રાહી સર્વે કરીને હેવાલ પ્રસિધ્ધ કરવો જોઈએ.

સમગ્ર કેથલિકોના ધાર્મિક વડા નામદાર ફ્રાન્સિસ બારમાની ૨૨ થી ૨૭ ઓક્ટોબર ૨૦૧૫ની સાત દિવસની યુએસએની મુલાકાત યાદગાર અને ઐતિહાસિક બની રહેશે. માનતાવાદી અને કેથલિક ચર્ચના પારદર્શક વહીવટ માટે આગ્રહી એવા માનનીય પોપ ફ્રાન્સિસ ૧૨મા પવિત્ર વ્યક્તિત્વ ધરાવે છે. સૌપ્રથમ વખત દક્ષિણ અમેરિકામાંથી પસંદ થયેલા નામદાર પોપશ્રી ફ્રાન્સિસ માટે સમગ્ર વિશ્વના કેથલિકો અને દુનિયાના સૌ લોકો તેઓના પ્રત્યે મોટી આશા સેવી રહ્યા છે. 'વેટિકન'-રોમન હેડ ક્વાટરના વહીવટમાં ધરખમ ફેરફારો લાવીને તેઓશ્રીએ સૌને ચોંકાવી દીધા છે. યુએસએમાં વોશિંગ્ટન ડી. સી., ન્યુયોર્ક અને ફિલાડેલ્ફીયાની વિઝીટ દરમ્યાન તેઓ ઘડીયાળને કાંટે સતત સક્રિય રહ્યા હતા. ન્યુયોર્કમાં ૯/૧૧ના હુમલાના ભોગ બનેલાં પરિવારોને મળીને સર્વધર્મ પ્રાર્થના યોજીને તેઓએ માનવતા અને ધર્મનો સમન્વય કરીને સૌને ભાઈચારા અને પ્રેમનો સંદેશો આપ્યો છે. તેઓનાં યુએસએમાંનાં પ્રાસંગિક ભાષણો સાંભળવાં કે 'ઈન્ટરનેટ' પર વાંચવાં જેવાં છે. માન. પોપ ફ્રાન્સિસ ૧૨માને હાર્દિક શુભેચ્છા!



"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ" સાથે કૉમ્યુનીટીના તાજા અને સવિષેશ સમાચારો માટેની વિશ્વવ્યાપી **લોકપ્રિય** વેબ સાઈટ: *jagadishchristian.com*

**મસિહ-તારણહાર** –*ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

આજે દુનિયાની, સમાજની મોટામાં મોટી સમસ્યા હોય તો 'આતંકવાદ' છે. આ આતંક અને ભય શા માટે? પોતાની સત્તા, પ્રદેશની ભૂખ, અભિમાન, ધર્મને નામે થતી ધર્માંધતા માટે? ધર્મના ઓળા નીચે પ્રભુભક્તિનો આવો માર્ગ? આપણે જાણીએ છીએ કે, દરેકને પોતાનો ધર્મ છે, માન્યતા છે, રીતરિવાજો છે. આ બધું જ છે છતાં ઈશ્વર એક જ છે. ઈશ્વર કહો કે અલ્લાહ, 'નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે'. ઈશ્વરની સ્તુતિ કરવી છે પણ માનવતાના ભોગે. ઈશ્વરે આ બધું નકાર્યું છે. ધર્મને નામે આતંકી હુમલાઓ પાછળ અસંખ્ય માનવોની ખુવારી, માલમિલ્કતનું નુકસાન. લોહીની હોળી ખેલાય છે પણ આ ઝનૂનીઓને એની કોઈ પરવા નથી. મારો ધર્મ, મારો સંપ્રદાય, મારું સર્વસ્વ ખંડિત ન થાય. બીજાઓ માટે ઉત્કર્ષની ભાવના નથી. યશાયા-૨૯: ૧૩ વળી પ્રભુએ કહ્યું, આ લોક તો મારી પાસે આવે છે અને પોતાના મોંથી તથા હોઠોથી પોતાને માન આપે છે. પણ તેમણે પોતાનું હૃદય મારાથી દૂર રાખ્યું છે. તેઓમાં મારી જે બીક છે તે કેવળ પાઠ કરેલી માણસની આજ્ઞા છે, જનકલ્યાણની ભાવના નથી.

ઉત્પત્તિ-૬: ૫ માણસની ભૂંડાઈ પૃથ્વીમાં ઘણી થઈ અને તેઓના હૃદયની હરએક કલ્પના ભૂંડી જ છે. આજે લોકો ભૂખે મરે છે, બિમારીથી રીબાય છે, પણ સારવાર માટે કે દવા માટે પૈસા નથી. હોસ્પિટલમાં જઈ શકતા નથી. કોઈ જ સુવિધા નથી. માણસાઈ જાણે મરી પરવારી છે. લોકો આગળ વધવાને બદલે પાછળ પડતા જાય છે. આ સચ્ચાઈ સામે જોયું ન જોયું કરી આગળ વધી જવું, પોતાની વાહ વાહ ખાતર નાણાંનો વ્યય કરી નાખવો અને જીવંત માનવોને દુ:ખની ગર્તામાં જીવતે જીવ ધકેલી દેવા, આંખ આડા કાન કરવા. કવિશ્રી પાન્થ કહે છે કે, વૃથા ગયાં એ નર ને નારનાં જીવનો, જેનાં હૃદયો ના પલળે. યશાયા-૪૮: ૧ તમે ઈસ્રાએલના દેવનું સ્મરણ કરો છો પણ સત્યતાથી નહિ અને પ્રમાણિકતાથી નહિ. હઝકીએલ-૩૩: ૩૧ તેઓ લોકોના રિવાજ પ્રમાણે તારી પાસે આવે છે. અને મારા લોક તરીકે તરીકે આગળ બેસે છે. તેઓ તારાં વચનો સાંભળે છે, પણ તેમનું મન તો તેમના સ્વાર્થ પાછળ ભટકે છે. પણ એ નથી સમજાતું કે બધાનો વિકાસ થશે તો સૌ સમાન થશે. સમાન થશે તો શાંતિ અને સલામતી સાથે પ્રગતિ થશે. ના, એમ નહિ, હૃદય આડુ છે. અને આડો જ વ્યવહાર કરે છે. રૂમી-૧: ૧૮ કેમકે જે માણસો દુષ્ટતાથી સત્યને દાબી રાખે છે તેઓ અધર્મીપણા પર તથા દુષ્ટતા પર સ્વર્ગમાંથી દેવનો કોપ પ્રગટ થયેલો છે.

આજે સમાચારો જોઈએ કે સાંભળીએ તો નાણાં અને સત્તા ખાતર માતાપિતાના, બાળકોના જીવ લેતાં સહેજ પણ ખચકાતા નથી. ઈન્દ્રાણી મુખર્જીની જુવાન દીકરીને માતા-પિતા બંનેએ બેરહેમીથી મૃત્યુના મુખમાં ધકેલી દીધી. નાણાંની લાલસાએ ઠંડા કલેજે ખૂન કરી નાખ્યું. આજે માનવતા મરી પરવારી છે. શેતાનનું સામ્રાજ્ય વધી ગયું છે. મન અને હૃદય પર શેતાને સત્તા જમાવી છે. સ્ત્રીની સૌથી મોટી શત્રુ સ્ત્રી છે. બાપ-દીકરા, ભાઈ-ભાઈ, મિલ્કતો માટે એકબીજાના જાની દુશ્મનો બની બેઠા છે. "બાઈબલ" કહે છે કે, આ અંતની નિશાની છે. જગતમાં આ બધું બનશે ત્યારે પ્રભુના આવવાની વેળા નજીક આવી છે. આજે પ્રભુ ચેતવણી આપે છે આ બધું મૂકી, તેની ગમ ફરો.

હઝકીએલ-૩૩: ૧૧ પ્રભુ યહોવા કહે છે કે મારા જીવના સમ કે દુષ્ટ માણસના મોતથી મને કંઈ આનંદ થતો નથી, પણ દુષ્ટ પોતાના દુરાચારણથી ફરે અને જીવતો રહે એમાં મને આનંદ છે. કોઈનો નાશ થાય નહિ, એમ નહિ પણ સઘળા પશ્ચાતાપ કરે, એવું દેવ ઈચ્છે છે. પ્રભુ ધીરજ રાખે છે, બોલાવે છે. નાનામાંથી એકનો નાશ ન થાય એવું ઈચ્છે છે.

માથ્થી-૧૧: ૨૮ ઓ વૈતરુ કરનારા તથા ભારથી લદાયેલા, તમે સઘળા મારી પાસે આવો અને હું તમને વિસામો આપીશ. આતંક અને ભયમાં પણ વચન પૂરું કરવા તે સમર્થ છે. એફેસી-૩: ૨૦ આપણે કલ્પીએ તે કરતાં પણ તે વધુ કરી શકે છે. તેનાં વચનો દવા અને દીવારૂપ છે. તેમાં સામર્થ્ય છે. વચનો જીવનમાં ઉતારી અંત:ચક્ષુ ખોલી સોનાની ખાણ જેવા ખજાનારૂપી વચનોથી પ્રભુને મહિમા આપી આનંદથી ભરપૂર થઈએ.

૧ પીતર-૪: ૧૩ ખ્રિસ્તના દુ:ખોના તમે ભાગીદાર છો, તેને લીધે હરખાઓ કે જેથી તેનો મહિમા પ્રગટ થાય. સમય અનમોલ છે. મારું દર્દ, આનંદ, આશા, ભવિષ્ય, પ્રભુ તેની ઈચ્છા પ્રમાણે સમયની સાથે મેળવી દે છે. ભય અને આતંકથી ગભરાઈએ નહિ. આજનો જે દિન મળ્યો છે, તે ઈર્ષા કે ક્રોધમાં ન ગુમાવું. આ જીવંત પળ એ જ જીવન છે. સહન કરી શકું એટલું જ તે આપે છે. કશાની ચિંતા ન કરું. ફક્ત પ્રભુમાં, પ્રભુમય, આ જ આનંદથી જીવુ. પ્રભુ પર પૂરા હૃદય, મન અને આત્માથી વિશ્વાસ કરી તેનાં વચનોથી ઉત્તેજન પામીએ. કારણ તે જ આપણો મસિહ અને તારણહાર છે. તેમનો શ્વાસ, તેમની ધડકન અને તેમનું રક્ત આપણા શરીરમાં વહે છે. તેમના રક્ત ધ્વારા આપણને ખંડી લીધા છે. આજે તેમની પસંદગીનું જીવન તેમને સોંપીશું? આંખમાંથી આંસુઓનો ધોધ ગાલ પરથી વહી જાય છે. હોઠો પર સ્મીતની કી લકીર ફેલાય છે. મસિહ, મારા તારણહાર! સર્વ ભય અને આતંક વચ્ચે પણ તેં મને પકડી રાખ્યો છે, મારો ઉધ્ધાર કર્યો છે.

**"બાઈબલ સ્ટડી"-સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૨૦૧૫ના પ્રશ્નો:**

**વિભાગ ૧. નીચેના પ્રશ્નોના જવાબો ૧ રાજા, ૨ શમૂએલ, યહોશુઆ અને ઉત્પતિનાં પુસ્તકામાંથી શોધીને જવાબ આપો;**

પ્ર. ૧) સુલેમાન રાજાએ પોતાના લોકોનો ન્યાય કરવા સારું શું માગ્યું?
પ્ર. ૨) દાઉદને કયા કયા પુત્રો હેબ્રોનમાં થયા?
પ્ર. ૩) રૂબેન પુત્રો અને ગાદ પુત્રોએ વેદીનું નામ શું પાડ્યું? તેનો શો અર્થ થાય?
પ્ર. ૪) મુસાના મરણ પછી કોની નિમણૂંક કરી?
પ્ર. ૫) ઈસહાક તથા રિબકાના જીવને કોણ સંતાપરૂપ હતો?

**વિભાગ ૨. ઉત્પત્તિ, ૨ રાજા અને ૧ કાળવૃત્તાંતને આધારે ખાલી જગ્યા પૂરો;**

પ્ર. ૧) જે હરેક ____ દે, તે ____ થાય. અને જે તને ____ તે ____ પામે
પ્ર. ૨) વાડીની વચમાં ____, ____, તથા ____ જાણવાનું ____ પણ ____ ઉગાવ્યું.
પ્ર.૩) દેવે તેઓને કહ્યું કે ____, ___ વધો.
પ્ર. ૪) અને તેણે ____ કહેવા પ્રમાણે ____, ____ કરી નાખ્યા
પ્ર. ૫) સૈન્યોનો યહોવાહ એમ કહે છે કે, ______ થવાને અને _____ માંથી બોલાવી દીધો.

**વિભાગ ૩. ગીતશાસ્ત્ર, યશાયાહ અને યહોશુઆના આધારે અધૂરાં વાક્ય પૂરાં કરો;**

પ્ર. ૧) હે યહોવાહ મારું મન મારી __________ નથી.
પ્ર. ૨) હૃદયભંગ થયાને . __________ રુઝવે છે.
પ્ર. ૩) જે પોતાના બનાવનાર સાથે _________ તે ઠીકરું જ છે.
પ્ર. ૪) તારો ઉત્પન્નકર્તા યહોવાહ કહે છે કે, ____________ બોલાવ્યો છે.
પ્ર. ૫) યહોવાહે યહોશુઆને કહ્યું ____________ તારી સાથે પણ હું રહીશ.

**"બાઈબલ સ્ટડી" જુલાઈ -ઓગષ્ટ-૨૦૧૫ના પ્રશ્નોના સાચા જવાબો મોકલનાર 'બાઈબલપ્રેમી'ઓની યાદી.** સૌને "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"નાં અભિનંદન!

૧) રીબેકા ડાયલ-ન્યુયોર્ક ૨) ) ભાનુમતી ક્રિસ્ટી-કેલિફોર્નિઆ

* **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"**ને મળેલાં દાનની યાદી-
,-$60/ એક શુભેચ્છક તરફથી, ન્યુ જર્સી
-$25/ શ્રી. કેતન કિરીટકાન્ત તરફથી જુલાઈ ૨૫ બર્થડે નિમિત્તે,
$10/ પૂર્ણિમા તમાસી શિકાગો.

**"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" ઉદારદિલ દાતાઓનો** હાર્દિક આભાર માને છે!

દાન ફક્ત શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનના સરનામે મોકલવાં, તંત્રીશ્રીના સરનામે દાન સ્વીકારવામાં આવતાં નથી, તેની ખાસ નોંધ લેવી.

**પ્રભુ, મને પ્રાર્થના કરતાં શીખવો!** –*રેવ. ડૉ. સ્નેહલતા પટેલ (Brooklyn, NY)*

લૂક-૧૧:૧માં પ્રભુ ઈસુએ જ્યારે તેમની પ્રાર્થના પૂરી કરી ત્યારે –Page 02

બારમાંના એક શિષ્યે પ્રભુ ઈસુ પાસે આવી કહ્યું, “પ્રભુ, યોહાને પોતાના શિષ્યોને પ્રાર્થના કરતાં શીખવ્યું તેમ તમે પણ અમને શીખવો.”

સૌથી પ્રથમ તો પ્રાર્થના એ શું છે? ઈશ્વરનાં બાળકોએ પ્રાર્થના વિષેના તેમના વિચારો રજૂ કરેલા છે. અને તેમાંના કેટલાક નીચે મુજબ છે;

* પ્રાર્થના-પ્રભુ ‘આ કરો’ અને ‘આ ના કરો’ની યાદી નથી.
* પ્રાર્થના-ગાડીમાં રાખતા વધારાના પૈડા-Tire-જેવી નથી કે જેનો માત્ર સંકટ સમયે જ ઉપયોગ કરવા માટે હોય. જ્યારે બધા જ માનવીપ્રયત્નો નિષ્ફળ જાય ત્યારે પ્રાર્થના છેલ્લો ઉપાય હોય,
* પ્રાર્થના જેટલી લાંબી તેટલી વધુ સારી, એ માન્યતા સાચી નથી. પ્રાર્થનાના ઠાલા શબ્દોમાં સામર્થ્ય નથી. તેનો ઉદ્દેશ પ્રભુને લાંબી યાદી આપવાનો નથી. પ્રભુ આપણી સર્વે જરૂરિયાતો જાણે છે.
* જ્યારે આપણે પ્રાર્થના કરીએ ત્યારે ખાતરીથી માનીએ કે ઈશ્વર મારી પ્રાર્થનાનો જવાબ હા, ના કે થોભ-એમાંથી જે શ્રેષ્ઠ છે, તેમાં આપશે જ.
* ઈશ્વરમાં વિશ્વાસ કરો. સર્વે વિચારોને ઈશ્વરકેન્દ્રિત કરો. પ્રભુની હાજરીનો અનુભવ કરો. પ્રભુની હાજરી અને સામર્થ્યનો હૃદય અને મનમાં અનુભવ કરો.
* જ્યારે ઈશ્વરકેન્દ્રિત પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણાં પાપોના ડંખ દોષને બદલે આપણને પાપની માફીનો અનુભવ થાય છે. આપણા પ્રશ્નો અને જટિલ સમસ્યાઓમાં નિરાશાને બદલે પ્રભુનું સામર્થ્ય દેખાય છે. જીવનમાં ડર, નિરાશા, હતાશા, ઈશ્વર પરના વિશ્વાસમાં દૃઢ કરતા સામર્થ્યમાં ફેરવાઈ જાય છે.

નિરાશ થયા વગર પ્રાર્થના કરવાથી દેવનું ડહાપણ બધા જ પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે વિજયવાન બને છે.

વહાલાંઓ! ઈશ્વર આપણા શબ્દો કરતાં આપણા હૃદયને વધુ સાંભળે છે. પ્રાર્થના આપણને ઈશ્વરની હાજરીનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે. પ્રાર્થના ઈશ્વરના સામર્થ્યનો સ્ત્રોત છે. –*વધુ આવતા અંકે.*

---

**પ્રવેશ**-*જયંત સુતરિયા (Lithonia, GA)*

ચોવીસે ચોવીસ
કલાક,
દવાની દુકાનો
ખુલ્લી રાખવી પડે છે
કારણ,
આપણે
કોઈને આવકારવા
આપણા
હોઠના કમાડને
સદૈવ બંધ કરી દીધા છે.

---

**અજોડ સરજનહાર** ઈશ્વર-*જોયસી ક્રિશ્ચિયન (Union City, NJ)*

સૃષ્ટિસર્જક ઈશ્વરે જીવસૃષ્ટિમાં અજાયબ જીવો ઉત્પન્ન કર્યા છે. કોશેટોની ભીતરનો ચીતરી ચઢે એવો કીડો, સમયની પૂર્ણતાએ નાજુક નમણું પતંગિયું બને. કળીમાંથી ઋજુ સુગંધીદાર ફૂલ નીકળી મનને તેની સૌરભથી તરબતર કરે, ત્યારબાદ ઘણીવાર એ ફૂલમાંથી ફળ આકાર લે. માનવ દેહની અંદર આકાર લેતું બાળક નવાઈ પમાડે એ રીતે હાડમાંસ ધ્વારા આકાર લે, ધબકતું હૃદય મેળવે અને માનવ દેહની બહાર આવે ત્યારે કોઈ પણ વૈજ્ઞાનિક કે બુધ્ધિમાનના શિક્ષણ વગર માતાના શરીરમાંથી દૂધનો આહાર ગ્રહણ કરે. આ તો ફક્ત જૂજ બાબતો, અજોડ સરજનહારની અજાયબીનો પરચો દર્શાવે છે. આ ઉપરાંત વિચારવા જઈએ તો ઘણી બધી બાબતો આપણને તાજ્જૂબીમાં મૂકી દે એવી વર્ણવી શકીએ.

અહીં એક લઘુ/નાની વાર્તા ધ્વારા કંઈ કહેવા માગું છું. એક દિવસ એક નાનીશી ‘ફાઉન્ડર’ જાતની માછલી, મોટી માછલી શાર્કના મોંમાં અકસ્માતે પહોંચી ગઈ. એક મહાકાય જીવ અને આ રહી બિચારી વિસાત વગરની. તમે શું ધારો છો? શું નાની ફાઉન્ડર માછલી ગભરાઈ ગઈ? શું તેને પસીનો વળ્યો? શું તેનું બ્લડપ્રેશર વધી ગયું? શું તેણે ઈમર્જન્સીનો 911 નંબર યાદ આવી ગયો? શું તેણે helpline પર મદદ માંગી? ના, એવું કંઈ જ થયું નહિ. જાણો છો કેમ? કારણ કે મહાન ઈશ્વરે આ નાનનકડી માછલીનું નિકંદન થઈ જાય એ માટે એને સર્જી નથી. બલ્કે ફાઉન્ડર્ની અદ્ભૂત શારીરિક રચના એ રીતેપ્રભુએ કરી છે જેને કારણે ઈમર્જન્સી સમયે આ માછલીના શરીરમાંથી ઝેરી ટૉક્સીક એસીડ જેવો પ્રવાહી નીકળી આવે. આ વખતે આ ફાઉન્ડરના ઝેરી પ્રવાહીને કારણે તરત જ મોટી શાર્ક માછલીનાં જડબાં ખુલ્લાંને ખુલ્લી હાલતમાં થીજી ગયાં. આમ થવાને કારણે મોટી શાર્કનું જડબું બંધ ન થયું. ફાઉન્ડર માછલી તક ઝડપી તરત જ ખુલ્લાં જડબામાંથી ગચ્છંતિ કરી નીકળી ગઈ.

વ્હાલાંઓ, પ્રભુએ દરેક જીવને અજોડ રીતે સર્જ્યો છે. આજુબાજુ ભય હોય, જોખમ, તોફાન, વંટોળિયો કે ઝંઝાવાતનાં વાદળો છવાયેલા હોય ત્યારે પ્રભુ તરફ નજર રાખો. કહો પ્રભુને કે, *“પ્રભુ મને ઉત્પન્ન કર્યાનો હેતુ મને દર્શાવ.”*

યુના જેવો પ્રબોધક મોટા માછલાના પેટમાં પહોંચી ગયો. પેટની ગંદકીભર્યા પદાર્થમાં આમતેમ ભાઈએ લપસણી પણ ખાધી હશે. પણ ત્યારે તેણે પ્રાર્થના કરી. ઊંડાણમાંથી કરેલી યુનાની પ્રાર્થના જે દર્દભરી તથા નમ્રતાથી ભરપૂર,એ પ્રાર્થના પ્રભુએ સાંભળી. માછલીને અપચો થયો. પેટમાં આટલો ભારે ખોરાક કંઈ પચે? હાંફળીફાંફળી દર્દભરી હાલતમાં કિનારે પહોંચી અને ઊલ્ટી ધ્વારા યુનાને ઓકી કાઢ્યો. સારું હતું દરિયાનું ભરપૂર પાણી નજીકમાં જ હતું. યુનાભાઈ સારાએવા ચીકણાપણાથી અને ગંદકીથી પમરતા હશે. પ્રભુએ સ્વચ્છ પાણીની ભરપૂરી દરિયા ધ્વારા જ આપી અને ભાઈએ શરીર શુધ્ધિ કરી. સાથે સાથે મનનો ફાંકો કે, પ્રભુને બાજુ પર મૂકી મનમાની કરું, એ ફાંકો દૂર થઈ ગયો. ઈશ્વર અદ્ભૂત સરજનહાર છે. તમને તથા મને અદ્ભૂત રીતે તેમણે બનાવ્યા છે. પ્રભુ ઈચ્છે છે, આપણે તેમને આદર આપીએ, તેમની વાણી “બાઈબલ વાચન” ધ્વારા સાંભળી તે પ્રમાણે કરીએ. શું તમે દુન્યવી ગંદકીમાં યુનાની જેમ આળોટી રહ્યા છો? આજે જ સમય છે. પ્રભુ ગમ જૂઓ. પ્રભુ તમને ચાહે છે. તમે પ્રભુને ચાહી સ્વર્ગની વાતો પર લક્ષ રાખો. *ફોન નં-201-864-4816*

---

**ષષ્ટિપૂર્તિ જીવનપર્વની ઉજવણી-**

સાઠ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયાના જન્મદિન“ ષષ્ટિપૂર્તિ ”તરીકે ઉજવવાની એક પ્રણાલિકા સમાજમાં ચાલે છે .શ્રી .જગદીશ ક્રિશ્ચિયનની ષષ્ટિપૂર્તિ એક યાદગાર પર્વ તરીકે તા .૩૦ ઓગષ્ટ, ૨૦૧૫ના રવિવારે તેમના નિવાસસ્થાને ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી હતી .સાંજના ૫ વાગ્યાથી વંશીય પરિવારો અને નજીકનાં સગાંનું આગમન શરૂ થઈ ગયું હતું .સાંજના ૬ વાગે સ્વાદિષ્ટ મિક્ષ ભજિયાં-ગોટાના અલ્પહાર આરોગતાં ૬૦થી વધુ શુભેચ્છકો અરસપરસ મળતાં-હળતાં ધીમા કર્ણમધૂર ગીતો સાંભળવામાં આનંદ માણતાં હતાં .

જન્મદિનનાં રંગબેરંગી બલૂનોથી લિવિંગ રૂમ સજવામાં આવ્યો હતો .શ્રી . જગદીશની લાક્ષણિક તસ્વીરોથી શોભતા આકર્ષક પોસ્ટર પર સૌનું ધ્યાન ખેંચાતું હતું .બરાબર ૭ વાગે આમંત્રિતો અને ખાસ તો ‘બર્થડે બોય’-જગદીશ ક્રિશ્ચિયન માટે અને જન્મદિનને સૂર-તાલથી સજવા વિસ્મયજનક એવી પળ આવી અને જાણીતા, માનીતા સંગીત વિશારદ ગાયકશ્રી ઉમેશ પટેલની ‘એન્ટ્રી’ થઈ .આ સંગીતકારને હાજર ઘણા ઓળખતા હોઈ તાળીઓના ગડગડાટથી શ્રી ઉમેશભાઈને આવકાર્યા .

શ્રી જગદીશ ક્રિશ્ચિયન પણ એક અચ્છા ગાયક અને સંગીતના ઘણા જ રસિયા જીવ છે .ગુજરાતમાં ૧૯૭૬થી ૧૯૮૧ સુધી ‘સ્વીટ મેલડી’ ઑર્કેસ્ટ્રાના સંચાલક અને અગ્રણી ગાયક-‘રફી વોઈસ’-તરીકે લોકપ્રિય હતા .શ્રી .ઉમેશ પટેલની ગાયકીની કમાલના શુભેચ્છક હોઈ જગદીશભાઈ ખુશખુશાલ થઈ ગયા. પછી તો“ અપની તો સબ આહ, તૂફાન હૈ ”ગીતથી આરંભાયેલી સંગીતસંધ્યા સૂરીલી બનતી ચાલી .એક પછી એક કર્ણપ્રિય સુમધૂર ગીતો ઉમેશભાઈના કેળવાયેલા કંઠે રજૂ થતાં ગયાં .હર ગીતના અંતે સંગીત રસિયા શ્રોતાઓ તાળીઓ અને હર્ષનાદથી વધાવતા સંગીતમાં તળબોળ બનીને ઉમેશની *–Page 03*

ગાયકી ખીલતી ચાલી .રફી સાહેબ અને કિશોરકુમારનાં અનેક જાણીતાં યાદગાર ફિલ્મી ગીતો ઉમેશભાઈ શબ્દ-સૂરને અતિકોમળ અને નાજુક સ્વરના 'હાર્ટ ટચ' સૂરમાધૂર્ય અને 'ક્લાસીકલ' પ્રવાહમાં શ્રોતાની જોરદાર દાદ મેળવતા રહ્યા .

ઉમેશભાઈએ પરિવારજનોને પણ ગીત ગાવા ઓફર કરી, અને શ્રી જગદીશે "જિંદગીકા સફર યે હૈ કૈસા સફર "પોતાના અંદાજમાં રજૂ કરીને પોતાના ગાયકી કંઠથી દાદ મેળવી હતી .તો કેતન ક્રિશ્ચિયને" રાતકલી એક ખ્વાબમેં આઈ "રજૂ કરીને એક સૂરીલા ગાયક હોવાની ઓળખ આપી ત્યારે ક્લેરા અને જગદીશ ક્રિશ્ચિયને એક અંતરો ડ્યુએટ તરીકે રજૂ કરીને સૌને ખુશ કરી દીધાંહતાં .ડો .પાર્થ શર્માએ" કહેના હૈ, કહના હૈ" રજૂ કરીને સૌની શાબાશી મેળવી હતી .કલ્પેશ ક્રિશ્ચિયને પણ" ચાહૂંગા મૈં તૂજે સાંજ સબેરે"ની રજૂઆત કરીને તાળીઓની દાદ મેળવી હતી .શ્રિ ઉમેશભાઈ દરેક ગાયકોને જરૂરી સંગત આપતા જતા હતા . નિલાક્ષી જકરિયાની" મેરે નૈના સાવન ભાદોં"ની રજૂઆતમાં મિનાક્ષી શર્માએ સાથ આપ્યો હતો .રજની મેકવાને" મેરે મહેબૂબ તૂજે "રજૂ કરીને તેમના કેળવાયેલા કંઠનો પરિચય આપ્યો હત, જ્યારે અમિત મેકવાને પૂર્વી મેકવાનના સાથમાં" યે શામ મસ્તાની "ગાઈને શ્રોતાઓની વાહ વાહ મેળવી હતી .ગિટારીસ્ટ રોબીન રાઠોડે" પૂકારતા ચલા હૂં મૈં "રજૂ કરીને અને કુમારી એલ્વિના રાઠોડે "ગલિયાં તેરી ગલિયાં "ગીતથી સૌની શાબાશી મેળવી હતી .શ્રી જોસેફ પરમારે "સો સાલ પહલે મૂઝે તૂમસે પ્યાર થા "રજૂ કરતાં સૌ વારંવાર તાળીઓ અને હર્ષનાદ કરતા રહ્યા હતા .

સાંજના ૭:૩૦થી ૯:૩૦ સુધી ચાલતી રહેવાની સંગીતની આજની મહેફીલ છેક ૧૨ મધ્યરાત્રિ સુધી ચાલતી રહી .૧૨ વાગ્યા પહેલાં કેક સેરીમની ઉલ્લાસભેર ઉજવાઈ, સૌએ જગદીશભાઈ પ્રત્યે વિવિધ પ્રકારે શુભેચ્છા વ્યક્ત કરી .સંગીતના દોરમાં ૯:૩૦ કલાકે સૌ ભોજનની લિજ્જત પણ માણતા રહ્યાં .એક સંગીતમય "જન્મદિન પર્વ"ની મોજમસ્તીમાં સૌએ મન મૂકીને આનંદ મેળવ્યો .સંગીતઘેલા જગદીશ ક્રિશ્ચિયનના જન્મદિનને ઘણા આનંદ ઉત્સાહમાં માણ્યા બદલ શ્રી ઓગસ્ટીન મેકવાને સૌને પ્રાર્થનામાં દોરીને પ્રભુનો આભાર માન્યો હતો .

ફક્ત ઉભરતા જ નહિ પણ નીવડેલા ગાયક શ્રી ઉમેશ પટેલ ઉમદા માનવી, નમ્ર અને નિખાલસ વ્યક્તિ તરીકે પણ પ્રસંશાને યોગ્ય છે!

---

* પોતાનો "પ્રીસ્ક્રીપ્શન ડ્રગ પ્લાન" બદલવા માટે 'ઓપન એનરોલ્ડમેન્ટ પીરિયડ' ઓક્ટોબર 1, 2015થી નવેમ્બર 15 2015 સુધી જાહેર થયેલો છે. ફેરફાર કરેલા પ્લાનનો અમલ જાન્યુઆરી 1, 2016 રહેશે.

* If You're From One of These Five States, You'll Likely Need a Passport for a Domestic Flight.

Starting in 2016, travelers from five U.S. states will not be able to use their driver's licenses as ID to board domestic flights—a pretty major development considering an estimated 38 percent of Americans don't have passports.

The standard licenses from New York, Louisiana, Minnesota, New Hampshire, and American Samoa are considered "noncompliant" with the security standards outlined in the *Real ID Act*, which was enacted back in 2005 but is being implemented in stages. Why are these specific licenses deemed sub-par? In these five states, getting a license doesn't require proof of citizenship or residency.

---

**American Christian New** માટેના લેખ-લખાણો **નવેમ્બર મહિનાની ૧૫-૨૦ તારીખ સુધીમાં બારોબાર તંત્રીને મોકલીને** સહકાર આપવા વિનંતી!


**From:-AMERICAN CHRISTIAN NEWS**

Community Paper soliciting your Co-operation

**I.D. # 11-2917985 August 28, 1988**

**"Gujarati Christian Church"**

17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804

**Phone # (732) 750-4064-**(Ruthben Christian)

**-"બાઈબલ સ્ટડી"ના જવાબો શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવા.**





Very sad demise of Mr. Amit T. Mayal, son of Mr. & Mrs. Tulshi Mayal of Brooklyn, NY

It was shocking that a 44 years young and healthy man is no more. He suffered a sever heart attack in his sleep and by the time his wife Karen tried to wake him up, it was too late. Along with his parents and relatives we paid a visit to his wife this morning to comfort her. He is survived by his wife Karen, daughter Juliana (he named her after his mom's name) son Joseph, his father Mr. Tulshi Mayal, his mom Mrs. Juliana Mayal, and brother Peter (Niraj) Mayal.

May God rest him in peace and grant comfort to his family and friends, Please pray for his family. Please find below his funeral arrangements:

* Mother of Fr. Valentine Rebello (Parish prist of St. Pius X RC Church, Plainview, NY) Mary died on September 10, 2015 at India surrounded by her beloved family. Fr. Valentine said, "She was truly a matriarch of the family and I owe my priestly vocation to her. I will miss my mom but I know she is now far far better place. Rest in Peace Mai. Thank you everyone for your prayers and support during these past days. God bless you all. Please keep my family in your prayers.."

* Mr. Nelson Contractor from Anand, India, brother of Shelinben Christian and brother-in-law of Sureshbhai Christian from Bolingbrook, Illinois, passed away on Tuesday, September 1, 2015 in Anand, India. He was 64 years old and went peacefully into the arms of Jesus. His funeral was on September 2, 2015.

* Mrs. Flora R. Christian mother of Mrs. Suhasini Hatia & Mr. Kirit Christian, passed away on, July 26, 2015

નીચેની બૂકો **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"**ના વાચકો માટે ઓછા દરે ખરીદી શકાય છે;
(1) **"અમેરિકામાં સીનિયરોને મળતા લાભો"-$12.00** (શીપિંગ સહિત),
(2) **"યુએ સીટીઝશીપ ગાઈડ"-$10.00,** (શીપિંગ સહિત), (3) **"ડ્રાઈવિંગ ઈન યુએસએ ટેસ્ટ ગાઈડ"** *(અમેરિકાનાં 50 સ્ટેટ્સ માટે)*-**$7/** (શીપિંગ સહિત)નો ચેક **Josh Foundation** નામે લખીને એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને **ફોન નંબર** લખીને **કઈ બૂક મંગાવવી છે તે** લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલ્યા પછી બે વીકમાં આપને **બૂક ન મળે તો જ ફોન કરશો. રજીસ્ટર મેઈલ કરવી નહિ.**

---

* અમેરિકામાં રહેતા જે કોઈ ખ્રિસ્તી ભાઈબેનને **American Christian News** નિયમિત મેળવવાની ઈચ્છા હોય તો **પોતાનું પોસ્ટલ** અથવા **ઈ-મેઈલ એડ્રસ,** તંત્રીશ્રીને મોકલવા વિનંતી!

**તંત્રીનું સરનામું અને ઈ-મેઈલ નોંધી રાખશોજી!**


Editor-ACN,
144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095
Phone: 732-855-0596 * *Email: jospausa@yahoo.com*


* **ખાસ સૂચના:- American Christian News (ACN)** માં પોતાના લેખ પ્રસિધ્ધ કરવાની ઈચ્છા ધરાવનારે **પોતાનાં તમામ લખાણ સીધાં જ તંત્રીશ્રીના સરનામે મોકલવાં.** -લખાણની શરૂઆતમાં લેખકે પોતાનું નામ, સરનામુ અને ફોન નંબર અને જો હોય તો ઈ-મેઈલ એડ્રસ સાથે લેખ મોકલ્યાની તારીખ અચૂક લખવી.

---

**To,**

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________ 